ક્રિ.કેસ નં.૬૦૧૨૯૨/૨૦૧૩

આંક–૧ લગત હુકમ :–

સદર કામે ફરીયાદીએ આરોપી સામે લઘુતમ વેતન અધિનિયમ–૧૯૪૮ હેઠળ આ ફરીયાદ કરેલી છે અને આ કામે આરોપી સામે સમન્સ કાઢવાનો હુકમ થયેલો છે, પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતે આર.આર.ચારી વિરુધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. તથા મકસુદ સૈયદ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, તુલારામ વિરુધ્ધ કિશોરસીંગના કેસમાં સ્થાપિત કરેલ સિધ્ધાંત છે તે મુજબ માત્ર પ્રોસેસ કાઢવાનો હુકમ થયો હોય તો તેને મેજીસ્ટ્રેટે કોગ્નિઝન્સ લીધું છે તેમ કહી શકાય નહી અને મેજીસ્ટ્રેટે કોગ્નીઝન્સ લીધું છે તેવું ત્યારે જ કહી શકાય કે જયારે મેજીસ્ટ્રેટે જયુડીશીયલ માઈન્ડ એપ્લાય કરેલ હોય.

આ કામે ફરીયાદીએ આરોપી સામે લઘુતમ વેતન અધિનિયમ–૧૯૪૮ ની કલમ–૨૨(બી)ને પેટા કલમ–૧ ના ખંડ (બી) હેઠળ આ ફરીયાદ કરેલી છે અને તે કાયદાની કલમ–૨૨(બી) ના ખંડ(૨) ની પેટા કલમ–(૧) જોતાં જયારે કલમ–૨૨ ની પેટા કલમ–એ અથવા બી મુજબના ગુના અંગે કલમ–૨૨(બી) ના ખંડ–૧ માં જણાવેલ સત્તાઓ પાસેથી સેંકશન મેળવી હોય તેના ૧ માસમાં ફરીયાદ કરેલ હોય તો જ કોર્ટ કોગ્નિઝન્સ લઈ શકે.

હાલના કેસમાં ફરીયાદીએ કોઈ સેંકશન રજુ કરેલ નથી અને ફરીયાદી પોતે ઈન્સ્પેકટર છે અને તેથી સેંકશન જરુરી નથી તેવું માની લઈએ તો પણ ૧ માસમાં ફરીયાદ કરેલી નથી અને લાંબા સમયથી હાજર નથી તે તમામ સંજોગોમાં ફરીયાદ કાઢી નાખવાનો હુકમ ફરમાવું છું.

(એ.એ.વાયડા)

તા.૬–૧–૨૦૧૮.

એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં.૬,અમદાવાદ.

જીજે ૦૦૯૮૬